જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦     ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૫/૩/૨૦૧૪ બુધવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-**  **સમાચાર યાદી નં.૬૪૨/૧૪**

**નારણપુરાઃ-**

નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે સગીર વયની તરુણીની માતાએ ફરીયાદ નોધાવી હતી કે પોતાની પુત્રીને તા.૨૭/૨/૧૪ સાંજના ૭/30 વાગ્યાના સુમારે નારણપુરા વિસ્તારમાંથી આરોપી કિરણ ઉર્ફે ગુડીયો જશુભાઈ રાવત, પોતાની પુત્રીને લલચાવી ફોસલાવી થોડુ કામ પતાવી આવીએ તેમ કહી અપહરણ કરી લઈ ગયો હતો. બાદમાં આ તરુણીને જુદી જુદી જગ્યાએ ફેરવી સુભાષબ્રિજ ગોકુલ હોટલ પાસે ખુલ્લી જગ્યામાં લઈ જઈ ત્યાથી રિક્ષામાં બેસાડી જબરદસ્તીથી શાહીબાગ વિસ્તારમાં લઈ જઈ ફોર વ્હિલ ગાડીમાં બેસાડી ચપ્પુ બતાવી ચુપ રહેવાનુ કહી બુમાબુમ કરીશ તો મારી નાખીશ તેવી ધમકી આપી આ તરુણી સાથે શરીર સંબંધ બાંધ્યો હતો.

આ અંગેની તપાસ કરતા પો.સ.ઈ.શ્રી જે.બી.અગ્રવાત અને પો.સ.ઈ.શ્રી ડી.આર.ગઢવી નાઓને બાતમી હકીકત મળતા સ્ટાફના માણસો સાથે નારણપુરા વિસ્તારમાંથી આરોપી કિરણ ઉર્ફે ગુડીયો જશુભાઈ રાવતને તા.૫/૩/૧૪ બપોરના ૨/30 વાગ્યાના સુમારે ઝડપી લઈ અટક કરી નારણપુરા પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૬૪/૧૪ ઈ.પી.કો.કલમ ૩૬૩,૩૬૬,૩૭૬,૫૦૬(૨) , ૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫ મુજબના ગુનાનો ભેદ ઉકેલી નાખેલ છે.

**ક્રાઈમ બ્રાન્ચ**

ગઈકાલ તા.૪/૩/૨૦૧૪ નારોજ નરોડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ ઠક્કરબાપાનગર ના શીવશંકર ગલીમાં રહેતી આશાબેન સુરેશભાઈ ઠક્કર નામની ૫૫ વર્ષની આધેડ મહિલાને મારપીટ કરી તેનુ ગળુ દબાવી મોત નિપજાવી આધેડના ઘરમાની તિજોરીમાંથી લુંટ કરવા અંગેનો બનાવ બનવા પામેલ અને આ અંગે નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફર્સ્ટ ગુ.ર.નં. ૧૨૯/૨૦૧૪ ઈ.પી.કો.કલમ ૩૦૨, ૩૯૭, ૪૫૨, ૩૪, મુજબનો ગુનો દાખલ થવા પામેલ.

ઉપરોકત ગુનાની ગંભીરતાને ધ્યાનમાં લઈ પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ આ ગુનામાં સંડોવાયેલ આરોપી ઈસમો બાબતે તપાસ કરી આરોપીઓ શોધી કાઢવા સારૂ સુચના આપેલ હોય જે અન્વયે નાયબ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઈમ બ્રાન્ચ અને મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઈમ બ્રાન્ચ નાઓના માર્ગદર્શન હેઠળ ક્રાઈમબ્રાન્ચની અલગ અલગ ટીમોએ આ બનાવ બન્યા બાદ તુરત જ ગુનાવાળી જગ્યાની વિઝીટ કરેલ અને આ ગુનામાં સંડોવાયેલ આરોપીઓ બાબતે તપાસ હાથ ધરેલી. દરમ્યાન આજરોજ મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફથી રાખવામાં આવેલ કોંમ્બીંગ ના.રા. અનુસંધાને પોલીસ ઈન્સપેકટરશ્રી જે.એસ.ગેડમ તથા પો.સ.ઈ.શ્રી બી.આર.પરમાર તથા પો.સ.ઈ. શ્રી સી.બી.ચૌધરી નાઓ તેઓની ટીમના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં કોમ્બીંગ ના.રા.માં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સાથેના સ્ટાફના માણસો પોલીસ કોન્સ્ટેબલ મહેન્દ્ર વાસુદેવ તથા પોલીસ કોન્સ્ટેબલ અલ્કેશ ગજાનંદ નાઓને મળેલ ચોક્કસ બાતમી આધારે ઉપરોકત ગુનામાં સંડોવાયેલ નીચે જણાવેલ બન્ને આરોપીઓને તેઓએ લુંટમાં મેળવેલ મુદ્દામાલ સાથે બાપુનગર ચાર રસ્તા ખાતે આવેલ શ્યામશિખર રેસ્ટોરન્ટ પાસેથી પકડી લીધેલ. જેમાં

(૧) મનોજ ઉર્ફે મનીયો ઉર્ફે અજય સ.ઓ. લક્કીમલ ઠક્કર ઉ.વ.૪૦ રહે : ઘર નં. બી/૧, સત્યનારાયણ રો હાઉસ, જય ગરવી ગુજરાત સોસાયટીની બાજુમાં કાંસ, પાસે જસોદાનગર અમદાવાદ તથા

(૨) જીતુભાઈ સ/ઓ રામચંદ્ર ઉર્ફે કિશનભાઈ ઠક્કર ઉ.વ.૩૫ રહે. અબુભાઈની ચાલી વિઠ્ઠલ મંદિરની સામે ભાઈપુરા અમદાવાદ

ઉપરોકત બન્ને આરોપીઓના કબ્જામાંથી ઉપરોકત ગુનામાં તેઓએ લુંટમાં મેળવેલ દાગીનાઓ જેમાં સોનાની કડી નંગ-૨ કિ.રૂ. ૧૨૦૦૦/- તથા ચાંદીની પાયલ જોડી-૧ કિ.રૂ. ૨૭૦૦/- તથા ઈમીટેશન જવેલરીની કાનની કડીઓ નંગ-૨ કિ.રૂ. ૦૦/૦૦ તથા નં-૧ નો માઈક્રોમેક્સ કંપનીનો મોબાઈલ ફોન નંગ-૧ કિ.રૂ. ૨૦૦૦/- નો મળી કુલ્લે રૂ. ૧૬,૭૦૦/- નો મુદ્દામાલ કબજે કરી બન્ને આરોપીઓને સી.આર.પી.સી. ૪૧(૧)એ મુજબ આજરોજ તા.૫/૩/૨૦૧૪ ના રાત કલાક ૨/૪૦ વાગે અટક કરવામાં આવેલ.

ઉપરોકત બન્ને આરોપીઓની પુછપરછ દરમ્યાન પકડાયેલ બન્ને આરોપીઓ ઉપરોકત આશાબેનના ભત્રીજાઓ થાય છે અને પૈસાની જરૂર પડે ત્યારે તેઓ પોતાના કાકી આશાબેન પાસેથી પૈસા મેળવતાં હતાં. અને પોતાની પાસે પૈસાની વ્યવસ્થા થાય ત્યારે તેઓને પૈસા પાછા આપી દેતા હતા અને આ રીતે ગઈ કાલે તેઓને પૈસાની જરૂર પડતાં બન્ને જણા પૈસા લેવા માટે પોતાની કાકી આશાબેન પાસે બપોરના બેએક વાગે તેઓના ઘરે ગયેલા અને તેઓએ પોતાની કાકી આશાબેન પાસે રૂપિયા દશ હજારની માંગણી કરતાં પૈસા આપવાની ના પાડતાં બન્નેને ગુસ્સો આવતાં પોતાની કાકી આશાબેનને નાકના ભાગે ફેંટ મારી ઓશીકુ લઈ તેઓના મોઢાના ભાગે દબાવી દઈ મોત નિપજાવી આશાબેનના કાનમાંથી સોનાની કડીઓ પહેરેલ હતી તે કાઢી લઈ તથા ઘરમાંની તિજોરીમાંથી ચાંદીની પાયલ જોડી-૧ તથા એક જોડી ખોટી કડીઓ પડેલ હતી તે લઈને ત્યાંથી નાસી ગયેલ હોવાનુ જણાવેલ છે.

પકડાયેલ બન્ને આરોપીઓને ઉપરોકત ગુનાના કામે નરોડા પોલીસ સ્ટેશન તરફ મોકલી આપવા તજવીજ કરવામાં આવેલ છે.

**ક્રાઇમ બ્રાન્ચ,**

તા.૧૬/૦૨/૨૦૧૪ નારોજ વલાદ ગામના સરપંચ શ્રી પંકજ વ્યાસ ઉપર સ્થાનીક રાજુભાઇ ભરવાડનો ફોન આવેલ અને તેમણે જણાવેલ કે તમારી સિમેન્ટનાં બ્લોકની ફેક્ટરી વલાદ નેશનલ હાઇવે નં.૮ ની બાજુમાં તલાવડી પાસે એક અજાણ્યા પુરુષની લોહીલુહાણ હાલતમાં લાશ પડેલ છે.જેથી સરપંચ પંકજભાઇ વ્યાસનાઓ બનાવની જગ્યાએ આવી તાત્કાલીક ડભોડા પોલીસને જાણ કરતાં પોલીસ તાત્કાલીક ઘટના સ્થળ ઉપર પહોંચી ગયેલ અને જાત તપાસ કરી સરપંચ શ્રી પંકજ વ્યાસનાઓએ આ બાબતે ફરિયાદ નોંધાવતાં ડભોડા પોલીસ સ્ટેશનમાં ફસ્ટ ગુરનં.૧૬/૨૦૧૪ ઇપીકો કલમ ૩૦૨, જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબનો ગુનો નોંધી ડભોડા પોલીસે તપાસ હાથ ધરેલ હતી.જે વણઓળખાયેલ લાશના આજદીન સુધી વાલી વારસ મળી આવેલ ન હતા.

અમદાવાદ શહેરમાં તાજેતરમાં બનેલ લુંટ ખુન જેવા બનાવો જેમાં ખાસ કરીને જ્વેલર્સની લુંટ તથા અનડીટેક્ટ ખુનના ગુનાઓ શોધવા માટે પોલીસ કમિશ્નર શ્રી શિવાનંદ ઝા સાહેબની સુચના અને માર્ગદર્શન અનુસંધાને અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચનાં સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી એ.કે.શર્મા તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી હિમાંશુ શુક્લા તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી એમ.ડી.ચૌધરી નાઓ દ્વારા ક્રાઇમ બ્રાન્ચના અધિકારીઓ તથા કર્મચારીઓની અવાર નવાર મિટીંગો યોજી તમામને અમદાવાદ શહેરમાં બનેલ ગંભીર ગુનાઓ શોધી કાઢવા માટે બ્રિફીંગ કરી બનાવનાં સ્થળોની વિઝીટો કરી માહિતી એકઠી કરી ગુનેગારોનુ પગેરુ મેળવવાની સુચનાઓ આપતા હતા અને આવા બનાવો અંગે બાતમી હકિકત મેળવવા જણાવેલ.

ઉપરોક્ત સુચનાઓ અનુસાર ક્રાઇમ બ્રાન્ચના પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી આર.બી.રાણા તથા પો.સ.ઇ.શ્રી જે.એન.ઝાલા તથા સ્કોડના માણસો અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન મેઘાણીનગર રામેશ્વર ચાર રસ્તા પાસે આવતાં પો.કો.હર્ષદભાઇને બાતમી હકીકત મળેલ કે ગઇ તા. ૧૬/૦૨/૨૦૧૪ ના રોજ વલાદ ગામની સીમમાંથી મળેલ લાશની હત્યાના ગુનેગારો અમદાવાદના મેઘાણીનગર વિસ્તારના છે અને તેઓએ મરણ જનાર રાકેશ ચૌહાણનુ ખુન કરી તેની લાશ વલાદ ગામની સીમમાં ફેંકી દીધેલ છે.જે હકીકત આધારે તથા લાશના ફોટા આધારે ગુપ્ત રાહે તપાસ હાથ ધરેલ જેના ફળસ્વરુપ આજરોજ તા.૦૪/૦૩/૨૦૧૪ ના કલાક ૨૩/૦૦ થી તા.૦૫/૦૩/૨૦૧૪ ના કલાક ૦૫/૦૦ સુધી કોમ્બીંગ નાઇટ રાઉન્ડમાં હતા દરમ્યાન આ રાકેશ ચૌહાણનુ નાના ચિલોડા કેનાલ ઉપરના બ્રીજથી થોડે દુર લઇ જઇ ખુન કરેલ તે <u>(૧)</u> રજનીશ ફોરનસિંહ યાદવ ઉ.વ.૨૩ રહે.મ.નં.બી/૨૬, શિવનારાયણ સોસાયટી, ભાર્ગવ રોડ, મેઘાણીનગર, અમદાવાદ શહેર <u>(૨)</u> રાકેશસિંગ

સિયારામસિંગ તોમર ઉ.વ.૨૫ રહે.કુંભાજીની ચાલી, રામેશ્વર મેઘાણીનગર અમદાવાદ શહેર (૩) જીતેન્દ્ર ઉર્ફે જીતુ ચોર અશોકસિંગ પરિહાર ઉ.વ.૧૯ રહે. કુંભાજીની ચાલી, રામેશ્વર મેઘાણીનગર અમદાવાદ શહેર નામના ઇસમો ઓટોરિક્ષા નં.GJ-01-CU-8620 માં બેસી ભાર્ગવ રોડ તરફથી આવી રામેશ્વર ચાર રસ્તા થઇ કલાપીનગર તરફ જનાર છે મતલબની ચોકક્સ હકીકત આધારે તેઓને રોકી પુછપરછ કરતા મરણ જનાર રાકેશ ચૌહાણનું તે ઓ ત્રણેય જણાએ સાથે મળી ખુન કરેલાની કબુલાત કરતા તેઓની ધરપકડ કરી ડભોડા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ફસ્ટ ગુરનં.૧૬/૨૦૧૪ ઇપીકો કલમ ૩૦૨, જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબનો વણશોધાયેલ ગુનાનો ભેદ ઉકેલવા પામેલ છે.

પકડાયેલ આરોપીઓ પૈકી મુખ્ય સુત્રધાર (૧) રજનીશ ફોરનસિંહ યાદવ ની ધનિષ્ઠ પુછપરછ કરતા આજથી પાંચેક વર્ષ પહેલા મરણ જનાર રાકેશ ચૌહાણના પરિચયમાં આવેલો અને રાકેશ ચૌહાણના કહેવાથી તેની સાથે રહેવા લાગેલ અને આર્થિક મદદ પણ કરતો હતો આ દરમ્યાંન રાકેશ ચૌહાણની પત્ની અનિતા સાથે પ્રેમસબંધ થયેલ અને આ અનિતાનો પતિ દારૂડીયો હતો અને તેને અવારનવાર મારપીટ કરતો હતો જે પ્રેમી રજનીશ ચૌહાણથી સહન ન થતા રાકેશનું ખુન કરી દેવાનો વિચાર આવેલ અને તેના સાગરીતો જીતુ ચોર તથા રાકેશ તોમર સાથે મળી પ્લાન બનાવી ગઇ તા.૧૫/૦૨/૨૦૧૩ ના રોજ અનિતાના ઘરે હાજર હતો તે વખતે સાંજના છએક વાગ્યાના સુમારે અનિતાનો પતિ રાકેશ ચૌહાણ દારુ પીને ઘરે આવેલ ત્યારબાદ રાકેશને ઓટોરિક્ષામાં બેસાડી દારુ પીવા જવાનું બહાનું કરીને તેને રામેશ્વર મંદીર આગળ લઇ ગયેલ અને ત્યાંથી જીતુને તથા રાકેશ તોમરને રિક્ષામાં બેસાડી વલાદ ગામ પાસે હાઇવે રોડ ઉપર તલાવડી પાસે લઇ ગયેલ અને રજનીશ તોમર તથા જીતુ ચોરે ચપ્પુ વડે રાકેશ ચૌહાણના પેટ ઉપર તેમજ આજુબાજુમાં સાત આઠ ઘા મારી લાશને ત્યાંને ત્યાં રહેવા દઇ ભાગી છુટેલ ત્યારબાદ અડધોએક કિલોમીટર આગળ જતા મનમાં શંકા ગયેલ કે કદાચ રાકેશ જીવતો રહેશે તો અમે બધા પકડાઇ જઇશું જેથી રિક્ષા પાછી વાળી રાકેશ ચોહાણ પડયો હતો તે જગ્યાએ લઇ ગયેલ અને ઓટોરિક્ષામાંથી ઉતરી ફરીથી રજનીશ તોમરે તેના ગળા ઉપર તથા પડખામાં ચપ્પુના બે ત્રણ ઘા મારી દીધેલ અને ખાત્રી કરેલ તો તે મરી ગયેલાનું જણાતા રિક્ષા લઇને પરત ઘરે આવવા નીકળેલ આ વખતે રસ્તામાં અમે ત્રણેય જણાએ ઉપરોક્ત હકિકત કોઇને નહી કહેવાનું નક્કી કરેલ હતું.આરોપીઓની સઘન પુછપરછ ચાલુ છે.

નાયબ પોલીસ કમિશનર<br>
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર<br>
પોલીસ કમિશનર વતી.